પૂર્વછાયો- ગાઉં ભક્ત ગુજરાતના, જેના પ્રેમનો નહિ પાર ।
ભાવ ભક્તિ અતિ ઘણી, વળી નિયમ ધારી નરનાર ॥૧॥
પ્રકટ પુરુષોત્તમને મળી, વળી થયાં પૂરણકામ ।
એવાં જન પાવનનાં, હવે લખું કાંયેક નામ ॥૨॥

ચોપાઇ- ધન્ય જેતલપુરના જન, જીયાં હરિએ કર્યા જગન ।
તિયાં જે જે રહ્યા હરિજન, તેને જાણવા પરમ પાવન ॥૩॥
પટેલ ભક્ત ગંગાદાસ નામ, પ્રભુદાસ આસજી અકામ ।
ભક્ત કાકુજી ભિખારીદાસ, પીતાંબર ભજે અવિનાશ ॥૪॥
જોયતાદાસ જીવણ કહીએ, કૃષ્ણદાસ કાશીદાસ લહીએ ।
ભક્ત ખોડો નથુ પુંજોભાઇ, એહઆદિ પટેલ કહેવાઇ ॥૫॥
દ્વિજ ભક્ત ઉભે આશારામ, જન દેવરામ દયારામ ।
ઉગરચંદ ને બેચરભાઇ, બાઇ રળીયાત હર્ખબાઇ ॥૬॥
ક્ષત્રિ વાલોભાઇ હરિજન, ઠાર લવજી જીવો પાવન ।
માળી માણેકશા ને કુબેર, ભક્ત ઘેલો ખરો નહિ ફેર ॥૭॥
એહ આદિ છે જન અપાર, વસે જેતલપુર મોઝાર ।
પટેલ ભક્ત વેણીભાઇ કહીએ, લાલદાસ કાળીદાસ લહીએ ॥૮॥
ગોપાળ હાંસજી હરિજન, હરખા આદિ છે ભક્ત પાવન ।

દ્વિજ ભગો ને ખુશાલભાઈ, એહાદિ જન અસલાલીમાંઇ ॥૯॥
ક્ષત્રિ ભગુજી માલજી લહીએ, નથુજી દેવોજી જેઠીજી કહીએ ।
પટેલ જેઠો દાજી ને દેસાઈ, નરોત્તમ ને નથુ કહેવાઈ ॥૧૦॥
સુંદર ભક્ત છે સોની ઝવેર, ઠાર મોરાર વસૈયે ઘર ।
કણબી ભક્ત છે જેસંગભાઈ, રૂગનાથદાસ સુખબાઈ ॥૧૧॥
બાપુ ધીરો કાશી ને દેસાઈ, વસે ભક્ત નવાગામ માંઇ ।
ભક્ત કણબી કહીએ કાકુજી, મકન મોહન દાજી બાપુજી ॥૧૨॥
વ્રજભાઈ હરિભાઈ જાણો, ઘાળજી મોરારજી પ્રમાણો ।
દ્વિજ પ્રભુરામ વેણીરામ, લુવાર રઘો રહે ગામડી ગામ ॥૧૩॥
કણબી ભક્ત છે ભવાનીદાસ, અમથાભાઈનો ચોસરે વાસ ।
હરિજન રૂપો હરિચંદ, રહે હીરાપર ભજે ગોવિંદ ॥૧૪॥
દ્વિજભક્ત કહીએ સદોભાઈ, કાજુ ભક્ત એ કનેજમાંઇ ।
કણબી ભક્ત છે દેવજી નામે, ઠાર જગો નેનપર ગામે ॥૧૫॥
કોળી ભક્ત કહીએ ઉકો નામ, ભજે હરિ રહે વિરોલ્ય ગામ ।
મોટા ભક્ત છે મેમદાવાદ, ભજ્યા હરિ ને તજી ઉપાદ ॥૧૬॥
દ્વિજ ભક્ત કહીએ ધનેશ્વર, દુર્લભરામ ને ભક્ત બેચર ।
ભટ અમથો ને અંબારામ, નિરભેરામ નારણજી નામ ॥૧૭॥
હરિ પ્રભુજી ને પીતાંબર, વિશ્વનાથ ને શિવશંકર ।
ભક્ત અનુપરામ નાગર, જન મોરારજી ઉજાગર ॥૧૮॥
વ્યાસ મોતી આદિ દઈ ભાઈ, હવે કહું હરિજન બાઈ ।
હરિભક્ત જેઠી રળિયાત, સુખબાને સમજાણી વાત ॥૧૯॥
અમૃત અવલ ને શિવબાઈ, ભલાં ભક્ત એ બ્રાહ્મણમાંઇ ।
એહ મેમદાવાદમાં રહે, મુખે સ્વામિનારાયણ કહે ॥૨૦॥
કણબી ભક્ત કહીએ લાલદાસ, ભજે રાયજી શ્રીઅવિનાશ ।
હરિજન એક રામબાઈ, ક્ષત્રિભક્ત છે સારજીભાઈ ॥૨૧॥
એહ આદિ બાઈ ભાઈ જેહ, વસે ગામ ખાતરોજે તેહ ।
કણબી ભક્ત પુંજોભાઈ દાજી, રૂડો હરિજન છે રાયજી ॥૨૨॥

દ્વિજ દેવરામ બાપુભાઈ, વાંઠવાળી ગુલાબ ગુંસાઈ ।
કોળીભક્ત છે વસતો નામ, કાજુ ભક્ત વસે કુણે ગામ ॥૨૩॥
દ્વિજભક્ત અંબા રળીયાત, ભજે હરિ તજી જગવાત ।
કોળી ભક્ત ગલોભાઈ કહીએ, એહ ભક્ત ઘોડાસર લહીએ ॥૨૪॥
ખાંટ ભક્ત ભગુજી ભણિયે, ધનો ઘેલો ને જાલ્યમ ગણિયે ।
ઝાલા આદિ જન નિરમળ, એક ભક્ત વસતો રાવળ ॥૨૫॥
હરિજન એક અદીબાઈ, વસે ગામ હાથરોલીમાંઈ ।
કણબી ભક્ત કાશીદાસ કહીએ, ભક્ત ભાઈજી વસે પિઠેએ ॥૨૬॥
દ્વિજ નારણજી સદોભાઈ, બાઈ ધનબાઈ રાજબાઈ ।
એહ આદિ બીજાં બાઈ ભાઈ, વસે ગામ કઠલાલ્યમાંઈ ॥૨૭॥
દ્વિજભક્ત છે નિરભેરામ, કુબેરભાઈ શંકર નામ ।
હરિજન એક કંકુબાઈ, કણબી ભક્ત શંભુ જીવોભાઈ ॥૨૮॥
એહાદિ જન રહે આંતરોળી, કરે ભક્તિ પ્રભુજીની બહોળી ।
કણબી ભક્ત ભગવાનદાસ, પ્રભુદાસ ભજે અવિનાશ ॥૨૯॥
ભક્ત એક દયાળજી નામે, જન વસે ચિખલોર ગામે ।
દ્વિજભક્ત શિવજી સુંદર, હરિજન ગોપાળ બેચર ॥૩૦॥
એક દ્વિજ છે અમૃતબાઈ, એહ જન કપડવન માંઈ ।
દ્વિજ અમૂલખ હરિજન, વસે દેવોદ્ય ગામે પાવન ॥૩૧॥
કણબી ભક્ત કહીએ કાશીદાસ, લખીયે લુણાવાડામાં વાસ ।
દ્વિજભક્ત છે ખુશાલ નામ, જન હરિભાઈ અભેરામ ॥૩૨॥
એહ આદિ કહીએ બહુ જન, વસે વાડાસિંદોરે પાવન ।
હરિભક્ત અવલ વણિક, બાઈ રાયકુંવર છે એક ॥૩૩॥
એહાદિ હરિજન સુંદર, ભજે હરિ રહે વીરપર ।
દ્વિજભક્ત છે વાલજીભાઈ, કોળી હરિજન મોંઘીબાઈ ॥૩૪॥
એહઆદિ જન બાઈ ભાઈ, વસે સતસંગી સુથમાંઈ ।
કણબી ભક્ત કુબેરજી કહીએ, કડવો ગામ ગોઠવમાં લહીએ ॥૩૫॥
ભક્ત સુતાર ગોવિંદ જાણો, વૈશ્ય જાતિ વાલજી પ્રમાણો ।

એહઆદિ બાઈ ભાઈ બહુ, વસે ગામ રામપરે સહુ ॥૩૬॥
દ્વિજભક્ત પીતાંબર કહીએ, કણબી ખુશાલ તુલસી લહીએ ।
કુબેર ને હિમો ભાવસાર, રહે હીરાપર ગામ મોઝાર ॥૩૭॥
સતસંગી એક સતવારો, હરિભક્ત કાશીરામ સારો ।
દ્વિજ હરિજન રૂપબાઈ, રહે જન એ ગોધરામાંહી ॥૩૮॥
ભક્ત ઉમરેઠે અતિ સારા, પ્રેમીજન પ્રભુજીને પ્યારા ।
દ્વિજ રૂપરામ નિરભેરામ, નંદુ નંદલાલ દોય નામ ॥૩૯॥
માધવજી ને મલકાર્જુન, કાશીરામ કૃપાશંકર જન ।
લક્ષ્મીદત્ત વળી લીલાધર, ભક્ત હરિભાઈ ને ઈશ્વર ॥૪૦॥
ગંગાદત્ત વિષ્ણુદત્ત ભાઈ, દયારામ કહું હવે બાઈ ।
માનબાઈ દાનબાઈ જેહ, નાથબાઈ મુળીબાઈ તેહ ॥૪૧॥
એહઆદિ જન બાઈ ભાઈ, વસે ગામ ઉમરેઠમાંઈ ।
કણબી ગલોભાઈ ગોપાળ નામે, ભજે હરિ રહે ઓડ ગામે ॥૪૨॥
દ્વિજભક્ત કુબેરજી ભલો, ભજે હરિ ડાકોરે એકલો ।
હરિજન દ્વિજ દેવબાઈ, વસે ગામ પલાસણામાંઈ ॥૪૩॥
મૈયારામ રૂગનાથદાસ, વસે મહિસે ભક્ત વિયાસ ।
ક્ષત્રિભક્ત ગલુજી મેલોજી, જેસંગભાયે લીધા હરિ ભજી ॥૪૪॥
કણબી ભૂધરદાસ રાયજી, પ્રભુદાસે આશા જુઠી તજી ।
દ્વિજ નારણ આણંદરામ, બાઈ અંબા હરિજન નામ ॥૪૫॥
ક્ષત્રિ જીજીબા ને સુખબાઈ, એહ જન ડડુસરમાંઈ ।
દ્વિજભક્ત રૂગનાથ નામ, મહેશ્વર ને મનછારામ ॥૪૬॥
મૈયારામ કહીએ કાળીદાસ, રાયજી ને ગિરધર વ્યાસ ।
અંબા અવલ ને સુખબાઈ, પ્રીત રતનને પ્રભુમાંઈ ॥૪૭॥
ક્ષત્રિ ધર્મો ભક્ત છે અવલ, કણબી હરખો વસે વડથલ ।
દ્વિજ હરખજી જેઠો જન, વસે ગામ કેસરે પાવન ॥૪૮॥
કણબી ભક્ત કહીએ વેણીદાસ, જન જેઠો બીજોદરે વાસ ।
ક્ષત્રિભક્ત અજુભાઈ કહીએ, કાળાભાઈ આદિ જન લહીએ ॥૪૯॥

કણબી ભક્ત છે રાયજી નામે, એહઆદિ છે હરેરે ગામે ।
કણબી ભક્ત ભગવાનભાઈ, ભૂધરદાસ હાથરોલીમાંઈ ।।૫૦।।
હરિજન દ્વિજ કહીએ કલો, વસે ભક્ત દેગામે એકલો ।
ધન્ય ધન્ય ડભાણના જન, જીયાં મહારાજે કર્યા જગન ।।૫૧।।
અતિ ભાવે ભર્યા નરનાર, જેના પ્રેમતણો નહિ પાર ।
પટેલ વિષ્ણુદાસ હરિશરણ, રુગનાથ બે રાયજી ત્રણ ।।૫૨।।
પ્રાગદાસ શવદાસ રામ, કાનદાસ નારણદાસ નામ ।
ગોવિંદજી આદિદઈ ભાઈઓ, અવલ બોનાં ત્રણ દત્ત બાઈયો ।।૫૩।।
દ્વિજ ભક્ત કહીએ મયારામ, કુબેરજી પ્રભુરામ નામ ।
નિરભેરામ ગોવિંદ પ્રેમદત્ત, હરિકૃષ્ણ કશલજી ભક્ત ।।૫૪।।
બાઈ શિવ આદિત અમુલ, નવલ ગુલાલ સાકર ફુલ ।
એહાદિ દ્વિજ બાઈયો પાવન, કોળી વખતો છે હરિજન ।।૫૫।।
શુદ્રભક્ત કાળો એક કહીએ, એહાદિ જન ડભાણ લહીએ ।
પટેલ ભક્ત ભગવાનદાસ, જાદવ ઝવેરી જગથી ઉદાસ ।।૫૬।।
કાનદાસ ને દ્વિજ મોરાર, એહાદિ જન પીજ મોઝાર ।
કોળી ભક્ત એક જાગો નામ, ભજે હરિ રહે ટુંડેલ્ય ગામ ।।૫૭।।
પટેલ ભક્ત રૂગનાથ જોડ, કાનજી રવજી રણછોડ ।
ભક્ત નરોત્તમ વેરીદાસ, એહ જન ડુમરાળે વાસ ।।૫૮।।
પટેલ રાયજી કુબેર કહીએ, રણછોડ બાપુજી બે લહીએ ।
વસનદાસ કૃષ્ણદાસ જાણો, વસતો દલોભાઈ પ્રમાણો ।।૫૯।।
ક્ષત્રિ લાલ એક હરિજન, વસે પિપલગે તે પાવન ।
દ્વિજ મોહનરામ નરોત્તમ, દ્વિજ ગંગારામ છે ઉત્તમ ।।૬૦।।
દ્વિજ કંકુ આદિત અચરત, માનકુંવર છે હરિભક્ત ।
કડિયા ભક્ત છે કેવળરામ, એહાદિ જન નડિયાદ ગામ ।।૬૧।।
કણબી ભક્ત એક કાળીદાસ, રહે ગામ અલિંદરે વાસ ।
દ્વિજ ભક્ત પ્રભુરામ નામે, ભજે હરિ રહે સલુણગામે ।।૬૨।।
એહઆદિ જન અગણિત, સર્વે જનને સ્વામીશું પ્રીત ।

ધર્મ નિયમ ધારી નરનાર, ન લખાય છે અપરમપાર ॥૬૩॥

પૂર્વછાયો- જુગોજુગના જનથી, અગણિત ઓધાર્યા આજ ।
તેને તે ગણિત લખતાં, નાવે કોઈ કવિને થાહાજ ॥૬૪॥

ઇતિ શ્રીમદેકાન્તિકધર્મ પ્રવર્તક શ્રીસહજાનંદસ્વામિ શિષ્ય
નિષ્કુળાનંદમુનિ વિરચિતે ભક્તચિંતામણિ મધ્યે ગુર્જરદેશના
હરિજનનાં નામ કહ્યાં એ નામે એકસો ને એકવિશમું પ્રકરણમ્ ॥૧૨૧।